
# માઉન્ટ આબુમાં ઠંડીનો પારો ગગડીને ૧.૨ ડીગ્રી








## ઉત્તર ભારતમાં હિમવર્ષાના લીધે માઉન્ટઆબુમાં હાડ થિજાવતી ઠંડી, તાપમાનનો પારો એકાએક ગગડતા પ્રવાસીઓ અને રહીશો ઠુંઠવાયા

માઉન્ટઆબુ, તા. ૧૭

રાજસ્થાન હિલ સ્ટેશન માઉન્ટઆબુનું લઘુત્તમ તાપમાનનો પારો સતત ચોથા દિવસે પણ ગગડયો હોવાથી માઉન્ટઆબુના જનજીવન પર અસર વર્તાઈ છે. સતત ઠંડીના લીધે સહેલાણીઓ સહિત નગરજનોની સવાર મોડી થાય છે. માઉન્ટઆબુનું લઘુત્તમ તાપમાન મગળવારે ૧.૨ ડીગ્રી નોંધાયું હતું. ઉત્તર તેમજ પૂર્વથી ફૂંકાઈ રહેલી શીતલહેરના લીધે માઉન્ટઆબુ સહિત બનાસકાંઠાના લોકો ઠંડીમાં ઠુઠવાયા છે. માઉન્ટઆબુમાં સતત ચોથા દિવસે ઠંડીના પારામાં ઘટાડો નોંધાતા બરફની ચાદર પથરાયેલી જોવા મળી હતી જ્યારે સ્થાનિક લોકો સહિત સહેલાણીઓ ઠંડીથી બચવા ગરમ વસ્ત્રો તેમજ ગરમ પાણીનું સેવન કરતા નજરે પડ્યા હતા.

શિરોહી જિલ્લાના એકમાત્ર હિલસ્ટેશન માઉન્ટ આબુમાં કડકડતી ઠંડી પડી રહી છે. તાપમાનનો પારો લગાતાર ઘટતો નોંધાઈ રહ્યો છે. કેટલીક જગ્યાએ તો તાપમાનનો પારો બરફ જમાવટ પર પહોંચી ગયો છે. જેના કારણે કારોની છત પર બરફ જામી ગઈ છે. લોકો શિયાળાથી બચવા માટે બોનફાયરનો આશરો લઈ રહ્યા છે, હિલસ્ટેશનનું લઘુત્તમ તાપમાન સતત ઘટી રહ્યું છે. સોમવારે ઘણા વિસ્તારોમાં બરફ જમાવટ પોઈન્ટમાં પારો રહ્યો હતો. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર લઘુત્તમ તાપમાન ૧.૪ ડિગ્રી અને મહત્તમ તાપમાન ૧૬ ડિગ્રી હતું. તાપમાનમાં ઘટાડો થયા પછી ઘરો અને હોટલોની બહાર પાર્ક કરેલી કારની છત પર બરફ જોવા મળ્યો હતો.

શિયાળાના પ્રારંભ બાદ લોકોની મુશ્કેલીઓમાં વધારો થયો છે. બદલાતા વાતાવરણની અસર સ્થાનિક લોકોની દિનચર્યા ઉપર પડી છે. લોકો બોનફાયરની મદદથી શિયાળાની કડકડતી ઠંડીથી બચવાનો પ્રયાસ કરી રહ્યા છે. તે જ સમયે શિયાળો જામતા પ્રવાસીઓ લાંબા સમય સુધી હોટલમાં રહે છે. ઘણા પર્યટકો સવારના વાતાવરણની મજા માણવા માટે ફરવા જાય છે. હવામાન વિભાગનો અંદાજ છે કે આગામી દિવસોમાં શિયાળાની અસર વધુ વધી શકે છે. શિયાળાની શરૂઆત થતાં હવે પ્રવાસીઓ પણ શિયાળાની મજા માણવા માટે માઉન્ટઆબુ તરફ વળી રહ્યા છે.

# આજથી ઊંઝા ખાતે લક્ષચંડી મહાયજ્ઞનો પ્રારંભ

## ૧૭ લાખ લાડુ બનાવાયા, ૨૦ કલાક સુધી દર્શન થશે : ઇતિહાસ રચાશે

ઊંઝા,તા.૧૭

ઊંઝા ખાતે ઉમિયા માતાજીના સાંનિધ્યમાં ૧૮થી ૨૨ ડિસેમ્બર દરમિયાન લક્ષચંડી મહાયજ્ઞનો કાલથી પ્રારંભ થશે. આ મહોત્સવમાં ગુજરાત સહિત દેશભરમાંથી ૫૦ લાખથી વધુ ભક્તો મા ઉમાના દર્શનાર્થે આવવાના છે. માઈભક્તોની સેવા માટે સ્વયંસેવકો સહિત અધીરા બન્યા છે. આ મહોત્સવમાં આવનાર દરેક ભક્ત ઊંઝાના પ્રખ્યાત લાડુનો પ્રસાદ લે તેવી ભોજન વ્યવસ્થા કરાઈ છે. જેને પહોંચી વળવા ઉમિયાનગરમાં બનાવેલી ખાસ ભોજનશાળામાં છેલ્લા ચાર દિવસથી ચોખ્ખા ઘીના લાડુ બનાવવાની કામગીરી રાત-દિવસ ચાલી રહી છે. લક્ષચંડી મહાયજ્ઞમાં ૨૫૦ જેટલા રાજપુરોહિતો દિવસ રાત ભોજન પ્રસાદ તૈયાર કરશે.

બુધવારે સવારે ૧૦ વાગ્યાથી ભોજનશાળા શરૂ થશે. તે પહેલાં શાકભાજી સહિતનું ભોજન બનાવવાની કામગીરી મંગળવારે રાતે ૧૨ વાગ્યાથી હાથ ધરાશે. પ્રથમ દિવસે દોઢથી





બે લાખ ભક્તોના અંદાજ સાથે ભોજન તૈયાર કરાશે. લાખો માઈભક્તોને દર્શન માટે તકલીફ ન પડે તે માટે આઠ લાઈનની વ્યવસ્થા કરવામાં આવી છે. જેના માટે ઉમિયાબાગથી એન્ટ્રી લેવાની રહેશે.

મંદિરમાં જવા માટે ઉમિયા ચોકમાં પગરખાં આપી ટોકન લેવાનું રહેશે, જે બહાર નીકળતાં મળી જાય તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. ભાવી ભક્તોને મા ઉમિયાના દર્શન કરવા મળે, તથા કોઈ પ્રકારની સમસ્યા ન આવે તેનું પુરતુ ધ્યાન આપવામાં આવ્યું છે.

યજ્ઞમાં હાજરી આપવા રાજકીય આગેવાનોની યાદી તૈયાર કરાઈ છે. જેમાં આજે મુખ્યમંત્રી વિજય રૂપાણી, કેન્દ્રીય મંત્રી પરસોત્તમ રૂપાલા, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ, ભાજપ પ્રમુખ જીતુ વાઘાણી, સરકારના મંત્રીઓ આર સી ફળદુ, કૌશિક પટેલ, સૌરભ પટેલ, જયેશ રાદડીયા હાજર રહેશે.

આવતી કાલે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયા, મંત્રીઓ કૌશીક પટેલ, સૌરભ પટેલ, પ્રદિપસિંહ જાડેજા હાજર રહેશે.

૨૦ ડિસેમ્બરે રાજ્યપાલ આચાર્ય દેવવ્રત, દમણ દીવસંઘ પ્રશાસક પ્રફૂલ પટેલ, મંત્રીઓ ગણપત વસાવા, દિલીપ ઠાકોર, ઈશ્વર પરમાર, કુંવરજી બાવળીયા, જયદ્રથસિંહ પરમાર, કિશોર કાનાણી, દંડક પંકજ દેસાઈ હાજર રહેશે.

૨૧ ડિસેમ્બરે બિહારના મુખ્યમંત્રી નિતિશ કુમાર, છત્તીસગઢના મુખ્યમંત્રી ભૂપેશ બઘેલ, વિધાનસભા અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદી, મંત્રીઓ ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા, જવાહર ચાવડા, બચુભાઈ ખાબડ, વાસણ આહિર, વિભાવરીબેન દવે, રમણ પાટકર, યોગેશ પટેલ હાજર રહેશે.

૨૨ ડિસેમ્બરે રાજ્યપાલ આનંદીબેન પટેલ, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ, વિપક્ષ નેતા પરેશ ધાનાણી, મંત્રીઓ ઈશ્વરસિંહ પટેલ, ધર્મેન્દ્રસિંહ જાડેજા હાજર રહેશે.

# ખેડબ્રહ્મા તાલુકામાં વર્ગ ૩ના ૯૬ આરોગ્ય કર્મીઓ અચોક્કસ મુદતની હડતાલ પર

ખેડબ્રહ્મા, તા. ૧૭

સમગ્ર રાજયમાં પગાર સ્કેલના વધારાને લઈ આરોગ્ય કર્મીઓ મંગળવારથી અચોક્કસ મુદતની હડતાલ ઉપર ઉતરી ગયા છે. જેમાં ખેડબ્રહ્મા તાલુકાનાં વર્ગ ૩ના કર્મચારીઓ પણ હડતાલમાં જોડાયા છે. ખેડબ્રહ્મા તાલુકાનાં ૭ પી.એચ.સી. સેન્ટરના વર્ગ ૩ ના ૯૬ આરોગ્ય કર્મીઓ આ હડલાતમાં જોડાયા છે. જેને લઈ કેટલાક સેન્ટરોમાં દર્દીઓને મુશ્કેલી પડી હતી જ્યારે બીજા સેન્ટરોમાં મેડિકલ ઓફિસર અને કોન્ટ્રાકટ કર્મીઓ ધ્વારા કામ ચાલવાવમા આવ્યુ હતું.

ખેડબ્રહ્મા તાલુકામાં નાકા, દેરોલ, ખેડવા, ઊંચીધાનલ, મીઠીબિલી, સેબલીયા, અને ખેરોજ પી.એચ.સી. સેન્ટર આવેલ છે. જેમાં ફિમેલ હેલ્થ વર્કર-૪૦, મલ્ટી પર્પજ હેલ્થ વર્કર ૩૫, સ્ટાફ નર્સ ૬, ફાર્મસીસ્ટ ૫, લેબ ટેકનિશિયન ૫, મલ્ટી પર્પજ હેલ્થ સુપરવાઈજર ૪ અને તાલુકા મલ્ટી પર્પજ હેલ્થ સુપરવાઈજર ૧ના કર્મચારીઓ હડતાલમાં જોડાયા છે.

આ હડતાલના કારણે પી.એચ.સી. સેન્ટરમાં મેડિકલ ઓફિસર હજાર છે તે કોન્ટ્રાકટ કર્મીઓ જોડે કામ લઈ રહ્યા છે. તેવા સેન્ટરમાં તકલીફ ઓછી છે. પંરતુ જ્યાં કોન્ટ્રાકટ કર્મીઓ ફિલ્ડમાં ગયા છે તેવા પી.એચ.સી. સેન્ટરમાં દરીઓને હાલકી ભોગવી પડી હતી. આરોગ્ય કર્મીઓની હડતાળથી ફિલ્ડ વર્કની સેવાઓ વધુ ખોરવાઈ હતી.

### ફાંસીની સજા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જસ્ટિસ શાહીદ કરીમની બનેલી બેંચ દ્વારા મુશર્રફને આ સજા ફટકારવામાં આવી હતી. ૧૯મી નવેમ્બરના દિવસે ચુકાદો આ મામલામાં અનામત રાખવામાં આવ્યો હતો. માર્ચ ૨૦૧૬માં દુબઈ જતા રહ્યા બાદથી મુશર્રફ ક્યારે પણ પાકિસ્તાન પરત ફર્યા ન હતા. મુશર્રફ પર ત્રીજી નવેમ્બર ૨૦૦૭ના દિવસે ઈમરજન્સી લાગુ કરવાના મામલે દેશદ્રોહનો મામલો ચાલી રહ્યોહતો. પાકિસ્તાનની પહેલાની મુસ્લિમ લીગ નવાજ સરકાર દ્વારા આ મામલો દાખલ કરાયો હતો. આ મામલો વર્ષ ૨૦૧૩થી પેન્ડિંગ રહેલો હતો. ડિસેમ્બર ૨૦૧૩માં તેમની સામે દેશદ્રોહનો કેસ દાખલ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ૩૧મી માર્ચ ૨૦૧૪ના દિવસે મુશર્રફને આરોપી તરીકે જાહેર કરવામાં આવ્યા હતા. એ જ વર્ષે ડિસેમ્બરમાં અભિયોજન દ્વારા તમામ પુરાવા કોર્ટની સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા. અપીલ મંચ પર અરજીઓના કારણે મુશર્રફ સામે કેસમાં ભારે વિલંબ થયો હતો. ટોપ કોર્ટની મંજુરી અને કેન્દ્રિય ગૃહ મંત્રાલય તરફી મંજુરી મળ્યા બાદ માર્ચ ૨૦૧૬માં મુશર્રફ પાકિસ્તાનની બહાર જતા રહ્યા હતા. આ પહેલા ત્રણ જજની બેંચે નિવેદન જારી કરીને કહ્યુ હતુ કે દેશદ્રોહના મામલામાં ૧૭મી ડિસેમ્બરના દિવસે ચુકાદો આપવામાં આવનાર છે. ઈસ્લામાબાદ હાઈકોર્ટે દુંબઈમાં રહેતા મુશર્રફ અને પાકિસ્તાન સરકાર તરફથી અરજીઓ કરવામાં આવી હતી. જેના પર સુનાવણી હાથ ધરવામાંઆવી હતી. ખાસ અદાલતે ૨૮મી નવેમ્બરના દિવસે ચુકાદો આપ્યો નહતો. ગયા સપ્તાહમાં જ ખાસ અદાલતે ૭૬ વર્ષીય મુશર્રફને દેશદ્રોહના મામલામાં પાંચમી ડિસેમ્બરના દિવસે નિવેદનને રેકોર્ડ કરાવી દેવા માટે કહ્યુ હતુ. ત્યારબાદ દુબઈમાં રહેતા મુશર્રફે સમર્થકો માટે સંદેશ જારી કરીને કહ્યુ હતુ કે તેઓ ખુબ બિમાર છે. અને દેશમાં આવીને નિવેદન નોંધાવી શકે તેમ નથી. પાકિસ્તાની મિડિયાના હેવાલમાં દાવો કરવામાં આવ્યો હતો કે મુશર્રફ એક દુર્લભ પ્રકારની બિમારીથી ગ્રસ્ત છે. આ બિમારીના કારણે બચી ગયેલી પ્રોટીન શરીરના અંગોમાં જમા થવા લાગી જાયછે. હાલમાં મુશર્રફ સારવાર હેઠળ છે. દેશદ્રોહના મામલામાં મુશર્રફે તેમની સામે કરવામાં આવેલા તમામ આરોપોને ફગાવી દીધા હતા. તેમણે કહ્યુ હતુ કે તેઓએ હમેંશા પાકિસ્તાનની સેવા કરી છે. તેમના પર દેશદ્રોહના જે આરોપો મુકવામાં આવ્યા છેત પૂર્ણ રીતે આધારવગરના છે. તેમણે કહ્યુ હતુ કે તેઓએ ૧૦ વર્ષ સુધી દેશની સેવા કરી હતી. તેઓ જંગ લડી ચુક્યા છે. તેમના વિચારથી તેમના પર આ પ્રકારના કોઈ કેસ બનતા નથી, મુશર્રફ પોતાના સમયગાળામાં શક્તિશાળી નેતા તરીકે હતા. તેમનુ સેના પર પ્રભુત્વ રહેલુ હતુ. જ્યારે કારગીલ યુદ્ધ કરવામાં આવ્યુ હતુ ત્યારે તેમની ભૂમિકા પાકિસ્તાનમાં ખાસ રહી હતી. મુશર્રફ ભારતના એતિહાસિક પ્રવાસે પણ આવ્યાહગતા એ વખતે વાજપેયી સરકાર સત્તામાં રહેલી હતી. ઐતિહાસિક આગરાની મુલાકાત પણ લીધી હતી.

# અરવલ્લી જિલ્લામાં મોટાપાયે લીલા વૃક્ષોનું નિકંદન

## વનવિભાગે ૨ ટેમ્પા અને ૧ ટ્રેક્ટરમાંથી ૧૦૦૦ મણ જલાઉ લાકડું ઝડપ્યું

મોડાસા, તા. ૧૭

એક તરફ સરકાર વૃક્ષ વાવો પર્યાવરણ બચાવોની ઝુંબેશ ચલાવવામાં આવે છે પરંતુ અરવલ્લી જીલ્લામાં કેટલાક વનવિભાગના ભ્રષ્ટ અધિકારીઓ અને કર્મચારીઓ વીરપ્પનનો સાથે ભળી જઈને જીલ્લામાં વૃક્ષોનું ભારે માત્રામાં છેદન કરી ગેરકાયદેસર વેપલો કરી રહ્યા છે. જીલ્લામાં થઈ રહેલ વૃક્ષોનું છેદન અન્ય જિલ્લાઓમાં વિવિધ વાહનો મારફતે પગ કરી જાય છે. વનવિભાગ તંત્રે બાયડ-કપડવંજ રોડ પરથી ૨ ટેમ્પો અને ૧ ટ્રેક્ટરમાં ગેરકાયદેસર લીલા વૃક્ષોની હેરાફેરી થતી અટકાવી ૧૦૦૦ મણથી વધુ જલાઉ લાકડું ઝડપી પાડી દંડનીય કાર્યવાહી હાથ ધરી



હતી. અરવલ્લી જીલ્લામાં રાત્રીના સુમારે મોટા પ્રમાણમાં જંગલ-ડુંગરો પર રહેલી વનસંપદાનું કેટલાક વીરપ્પનો નિકંદન કાઢી મોટી માત્રામાં ગેરકાયદેસર હેરાફેરી કરી બેરોકટોક રેકેટ ચલાવી રહ્યા છે. સરકાર દ્વારા સામાજિક વનીકરણ યોજના હેઠળ લાખ્ખો રોપા વાવ્યાના દાવા થાય છે તેમાંથી કેટલાનો ઉછેર થાય છે તેની જોવાની તસ્દી પણ લેવામાં આવતી નથી. બાયડ-માલપુરના માર્ગે મોટા પ્રમાણમાં વાહનોમાં ગેરકાયદેસર લીલા વૃક્ષોના લાકડાનું વહન થતું હોવાની બૂમો ઉઠતા વનવિભાગ તંત્ર ગાઢનિંદ્રામાંથી સફાળુ જાગી બાયડ-કપડવંજ રોડ પર રાત્રીના સુમારે પેટ્રોલિંગ હાથધરી હેરાફેરી અટકાવવા કામગીરી હાથ ધરાતા બાયડ-કપડવંજ રોડ પરથી ૨ ટેમ્પો અને ૧ ટ્રેક્ટરમાંથી ૧ હજાર મણ જલાઉ લાકડાનો જથ્થો ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

### હિંસક દેખાવો

● અનુસંધાન પહેલાનું ચાલુ

નિયંત્રણમાં લેવા માટે ટિયરગેસનો ઉપયોગ કર્યો.

સ્થિતિ પર નજર રાખવા અને કોઈ પણ સ્થિતિનો સામનો કરવા માટે પોલીસે ડ્રોન ઘટનાસ્થળે મંગાવી લીધા હતા. દિલ્હી પોલીસના અનેક વરિષ્ઠ અધિકારી પણ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. સાથોસાથ ઘટનાસ્થળે વધારાની ફોર્સ તહેનાત કરવામાં આવી છે.

હિંસાને ભડકતી જોઈ સીલમપુરથી જાફરાબાદના રસ્તાને બંધ કરી દેવામાં આવ્યો હતો. પોલીસે ટ્રાફિકને પૂરી રીતે રોકી દીધો હતો. ૬૬ ફુટના આ રોડ પર જ હિંસા ભડકી અને કેટલાક સ્થળો પર પ્રદર્શનકર્તાઓએ આગચંપી પણ કરી હતી. જેના કારણે તકેદારીના ભાગ રૂપે ટ્રાફિકને રોકવામાં આવ્યો હતો.

બપોરે લગભગ બે વાગે અહીં પ્રદર્શનકારીઓની સંખ્યામાં વધારો થયો હતો. પ્રદર્શનકારીઓ સતત નારેબાજી કરી રહ્યાં હતાં. તેઓ 'જામિયા તુમ સંઘર્ષ કરો, હમ તુમ્હારે સાથ હૈ' ના નારા લગાવી રહ્યાં હતાં. અચાનક ભીડ ઉગ્ર બની અને પોલીસ પર પથ્થરમારો કરવા લાગી હતી. આ સ્થિતિમાં પોલીસે લાઠીચાર્જ કરવો પડ્યો. ભીડને વેરવિખેર કરવા માટે પોલીસે ટીયર ગેસના સેલ પણ છોડવા પડ્યાં.

દિલ્હીમાં થયેલ આ પ્રદર્શન બાદ સીએમ કેજરીવાલે ટ્વીટ કરીને કહ્યું કે તમામ દિલ્હીવાસીઓને મારી અપીલ છે કે શાંતિ બનાવી રાખો. એક સભ્ય સમાજમાં કોઈપણ પ્રકારની હિંસા બર્દાસ્ત ના કરી શકાય. હિંસાથી કંઈપણ હાંસલ નથી થતું, આપણી વાત શાંતિથિ કહેવી છે.

### ૬ વર્ષની કેદ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હતી. ડિસ્ટ્રીકટ કોર્ટના જજ આઈ જે વોરાએ આરોપીને કલમ -૩૦૪ ભાગ ૨ ના ગુન્હા અન્વયે ત્તકસીરવાન ઠરાવી ૬ વર્ષની સખત કેદની સજા તેમજ રૂ ૧ હજારનો દંડ ભોગવવા હુકમ કર્યો છે. અને જો આરોપી દંડ ન ભરે તો વધુ બે માસની સાદી કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે.

### અભિપ્રાય માંગ્યો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કેટલાક આગેવાનોએ એવો મત વ્યક્ત કર્યો છે કે અગાઉ ભેળવી દેવાયેલ ચાંદખેડા સહિતના વિસ્તારોના એકીકરણની પ્રક્રિયા પુરેપુરી સંપન્ન કરવામાં આવી નથી. આ વિસ્તારની શાળાઓનું ભાડુ, આરોગ્યકેન્દ્ર સહિતની ઘણી બધી બાબતોનુ સંચાલન જિલ્લાકક્ષાએથી જ થાય છે.

એકીકરણની આ દરખાસ્તનો જ્યારે મનપાની સ્થાયી સમિતિએ પ્રસ્તાવ કર્યો ત્યારે જ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી મંગુબેન શ. પટેલે વિરોધ કરી રાજ્યના મુખ્યમંત્રી રૂપાણીને પત્ર લખ્યો હતો જે નોંધનીય છે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧